## પ્રવચન નં. ૧૬ ગાથા-૪ તા. ૨૪-૬-૭૮ શનિવાર જેઠ વદ-૪ શનિવાર સં. ૨૫૦૪

સમયસાર, ગાથા ચોથી “ સમસ્ત જીવ લોકને ” એમ લેવું ત્યાંથી જે અનાદિના રખડે છે એ સિવાય સમકિતી આદિની વાત નથી. સમસ્ત જીવલોક ( કહ્યું પણ ) રખડનાર મિથ્યાદૃષ્ટિ એ અહીં લેવા. એણે રાગની વાત, રાગ કરવો ને રાગ ને ભોગવવો, રાગ છે વ્યવહાર રત્નત્રય એ પણ રાગ છે. દ્રવ્ય સંગ્રહમાં છે એ તો, એ રાગ કરવો અને ભોગવવો, એ વાત તો અનંતવાર સાંભળી છે દરેક જીવે, અને એનો પરિચય પણ થઈ ગયો છે, અને અનુભવ પણ થઈ ગયો છે. સર્વ લોકને કીધા, ભલે નિગોદના જીવ હો, પણ એને અનુભવ છે એટલે એમાં એને બધું આવી ગયું. આહાહા !

" કેવો છે જીવલોક ઈ ? સંસારરૂપી ચક્રના મધ્યમાં પડયો છે. " આહાહા ! મિથ્યાત્વમાં પડયો છે એટલે એ કર્મ ચક્રના મધ્યમાં પડયો છે એવો સ્થિત... નિરંતરપણે દ્રવ્ય, જગતના જેટલા પરમાણુઓનો સંયોગ છે, એવો અનંતવાર દરેક જીવને સંયોગ થઈ ગયો છે. એ અપેક્ષિત વાત છે. કેટલાંક પરમાણુઓ એ દ્રવ્યના સંયોગપણે થયા નથી. પણ એની શક્તિ છે અનંતવાર થયો માટે શક્તિ અનંતવાર થઈ ગઈ, એમ કહેવામાં આવે છે.

એમ ક્ષેત્ર–સમસ્ત જીવ દરેક ક્ષેત્રે અવતર્યા છે એમ પણ નથી, પણ એનામાં શક્તિ છે મિથ્યાત્વની એને લઈને દરેક ક્ષેત્રમાં અવતર્યા એમ પણ કહી શકાય. એમ ' કાળ ' એમ ' ભવ ', સ્વર્ગના ભવો અનંતા કર્યા એમ કહેવાય, કેટલાંક જીવો હજી બહાર નીકળ્યા નથી પણ એની શ્રદ્ધા મિથ્યાત્વ છે તો મિથ્યાત્વને લઈને એ બધી ચાર ગતિમાં રખડવાનો ભાવ એની પાસે પડયો છે. તેથી ચાર ગતિમાં અનંતવાર રખડયો, ભવ કર્યા, એમ કહેવામાં આવે છે. એમ ' ભાવ ' એવા અનંત પરાવર્તન દ્રવ્ય અનંત, ક્ષેત્ર અનંત, કાળ અનંત, ભવ અનંત ને ભાવ અનંત, અનંત પરાવર્તનને લીધે એ દરેકમાં બદલતા બદલતા અનંતવાર, આહાહા ! જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે. આહાહા ! રખડવાની સ્થિતિ જ જેની પ્રાપ્ત થઈ છે. આહાહા ! ચોરાશીમાં અવતરવું ભ્રમણ એ જેને પ્રાપ્ત થયું છે. અહીં સુધી આવ્યું છે.

" સમસ્ત વિશ્વને એક છત્ર રાજ્યથી વશ કરનારું મોટું મોહરૂપી ભૂત " મિથ્યાત્વરૂપી ભૂતડું. આહાહા ! મિથ્યાત્વરૂપી મોહ સમસ્ત વિશ્વને, સમકિતી સિવાય, અજ્ઞાનીને એક છત્ર રાજ્ય, જેમ ચક્રવર્તીનું રાજ્ય હોય તો જ્યાં હોય ત્યાં રાજ્ય જ એનું હોય, એમ અનંત જીવમાં મિથ્યાત્વનું જ રાજ્ય છે. સાધુ થયો તો પણ રાગથી લાભ થાય, એ મિથ્યાત્વરૂપી ભૂતડું એનેય વળગ્યું છે. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! વ્રતધારી થાય, તો પણ એને મિથ્યાત્વનું ભૂતડું એ વ્રતનો વિકલ્પ છે એ મને લાભદાયક છે અને તે કર્તવ્ય છે, વ્યવહાર વ્રતનું, એવું મિથ્યાત્વરૂપી ભૂતડું ( મિથ્યા અભિપ્રાય ) આખા ચૈતન્યના સર્વ રાજ્યમાં એકછત્ર–એકછત્ર બધે મિથ્યાત્વ જ વ્યાપી રહ્યું છે. આહાહા !

જેના રાજ્યમાં જે ચલણ હોય એ ચલણ આખા રાજ્યમાં વ્યાપે, ચલણ રાજ્યનું સિક્કો, એમ મિથ્યાત્વનો સિક્કો, આહાહા ! અનંતા અજ્ઞાની જીવમાં વ્યાપી ગયો છે. આહાહા ! એકછત્ર રાજ્ય એનું છે. જ્યાં હોય ત્યાં મિથ્યાત્વ... મિથ્યાત્વ... મિથ્યાત્વ... મિથ્યાત્વ ( એટલે ) કંઈક કરવું, કંઈ કરીએ, કંઈક વ્યવહાર કરીએ તો નિશ્ચય થાય, એવું મિથ્યાત્વરૂપી ભૂતડું એકછત્ર રાજ્યથી જેને વશ કરી લીધા છે. આહાહા ! કાંઈક કરવું તો જોઈએ ને ભાઈ, કાંઈ કર્યા વિના થાતું હશે ? શું કરવું ? રાગથી ભિન્ન કરવું એ કરવું છે. પણ રાગ કરતાં કરતાં થશે સમ્યગ્દર્શન અને એ વ્યવહાર છે એ નિશ્ચયને પમાડશે. આહાહા !

એવું મિથ્યાત્વરૂપી ભૂત એક સર્વ વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનાર, બધાંને વશ કરી લીધા છે. ઓહોહો ! મોટા માંધાતા નગ્નમુનિ, દિગંબર મુનિ પણ જેને પંચ મહાવ્રત છે, ૨૮ મૂળગુણ છે એને પણ મિથ્યાત્વે વશ કરી લીધા છે. કારણ કે એ પણ મને ધર્મ છે અથવા ધર્મનું કારણ છે. આ બધા સાધનો છે ને ? વ્રત તપ ભક્તિ આદિ સાધનો છે, એનાથી મને નિશ્ચય સાધ્ય પ્રગટશે એમ મિથ્યાત્વના ભાવે એને પણ વશ કરી લીધો છે. આહાહાહા ! આવું ઝીણું

છે. અત્યારે એ રાડ પાડે છે નિશ્ચય વ્યવહારની સંધી એને કહીએ કે વ્યવહારથી નિશ્ચય થાય, એ અનેકાંત છે. આહાહા ! રાગ છે એ તો પર આશ્રય છે, અને સમકિત છે તે સ્વ આશ્રય છે. ચાહે તો મહાવ્રતનો રાગ, ભક્તિનો રાગ પણ એ દશા એ દિશા એ દશા પર તરફની છે. અને સમ્યગ્દર્શનાદિ ધર્મની દશા, એની દિશા સ્વ ઉપર છે. આહાહા !

મોટા માંધાતાને પણ મિથ્યાત્વે હેઠા પાડયા છે કહે છે. છત્ર રાજ્ય એનું ચાલે છે અત્યારે, આહાહા ! ચલણી નાણું એનું છે. મિથ્યાત્વનું ચલણી નાણું. આહાહા ! સાધુ થયા, મુનિ થયા બહારના વેશ ફેરવ્યા પંચ મહાવ્રત ( પાળ્યા ) એને પણ મિથ્યાત્વે ઘેરી લીધો છે. આહાહા ! આવી વાત છે. મોટું મોહરૂપી ભૂત મિથ્યાત્વ. આહાહા ! એકછત્ર રાજ્યથી વશ કરનાર સારા વિશ્વને, આહાહા ! એ જેમ સમસ્ત જીવલોક કીધો 'તો ને ? કે બૂરું કરનારો એણે સાંભળ્યું છે. એવો જ જીવલોક પરિભ્રમણ કરે છે. એવો જીવલોક આ છે. આહાહા !

" મોટું મોહરૂપી ભૂત કે જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે " આહાહા ! મિથ્યાત્વનું રાજ્ય એવું છે કે બળદની જેમ એણે આ રાગ કરવો પડે આપણે વ્યવહાર કર્તવ્ય છે, દયા દાન ભક્તિ વ્રત તપ એ કર્તવ્ય છે. એવું મિથ્યાત્વરૂપી ભૂતડે, આહાહા ! બળદની જેમ ભાર વહેવડાવ્યો છે, બધો ભાર છે. આહાહા ! ઝીણી વાત છે ભાઈ, આહાહા ! નિર્વિકલ્પ ચીજ છે અંદર વસ્તુ ( જ્ઞાયકભાવ ) એ વ્યવહારની અપેક્ષા વિના પ્રગટ થાય એવી એ ચીજ છે. એ તો સ્વની અપેક્ષા, ત્રિકાળની અપેક્ષાથી થાય છે એને ઠેકાણે મોટા માંધાતા અગિઆર અંગના ભણનારા દસ-દસ હજાર વીસ-વીસ હજારમાં ભાષણ આપનારા, એવા બધાને મિથ્યાત્વે ઘેરી લીધાં છે કહે છે, હેં ? આહાહા ! એ આપણે આ બધું પરિષહ સહન કરીએ, ઉપસર્ગ સહન કરીએ તો એ સહન કરતાં કરતાં ધર્મ થાય અંદર, નિશ્ચય સમ્યગ્દર્શન પમાય એમ મિથ્યાત્વરૂપી ભૂતડે, બળદની જેમ ભાર વહેવડાવ્યો છે. આહાહા !

પાઠમાં તો " ગોરિવ " છે ને ? ગોર-ઇવ; ગો-ઇવ પાઠમાં ઈ છે ગો-ઇવ, બળદની જેમ. આહાહા ! આટલા આટલા કામ, કરવા પડે આપણે. શાસ્ત્રોની રચના કરવી પડે. મંદિરો બનાવવા પડે. હેં ? ( શ્રોતાઃ છપાવવા પડે વહેંચવા પડે ) છપાવવા પડે. આહાહા ! પ્રકાશમાં ( આવવા ) અધ્યક્ષ થવું પડે, તે વિના આપણે કેમ ચાલે ? ચાલે ખરો સંસાર ચાલે, વ્યવહાર માર્ગ ચાલે શી રીતે ? આહાહા ! એ રાગને ઝાલ્યો છે, મિથ્યાત્વથી ગજબ વાત બાપુ ! આહાહા ! મિથ્યાત્વરૂપી ભૂતડે એને બળદની જેમ ભાર વહેવડાવ્યો છે. એ પંચ મહાવ્રતના પરિણામ આદિ ભાર કલેશ છે. આહાહા ! અને એણે એને ધર્મ માન્યો છે, મિથ્યાત્વને લઈને અને કાં એને ધર્મનું કારણ છે એમ માન્યું છે. આહાહા !

સારા નિમિત્ત હોય તો આત્મામાં કાર્ય થાય, એમ મિથ્યાત્વ ભૂતડે આમ બળદની જેમ પરના કાર્યમાં જોડી દીધો છે એને. આહાહાહા ! નિમિત્ત ગમે તે હોય, નિમિત્તથી થાતું નથી કાંઈ ત્રણ કાળમાં કાંઈ. નિમિત્ત નિમિત્તની પર્યાય કરે. આહાહા ! આવી વાતું બાપુ ! આકરી ભાઈ આ તો ભગવાનના વિરહે, વિદેહધામની વાતું છે. આહાહા ! શું થાય ? ત્યાંથી લાવ્યા છે ને આ ? કુંદકુંદાચાર્ય ત્યાં ગયા 'તા પ્રભુ પાસે જીવતા તીર્થ કર્યું 'તું. આહાહા ! મહાવિદેહ આઠ દિવસ રહ્યા, હતા તો જ્ઞાની ચારિત્રવંત, સમકિતી પણ વિશેષ ત્યાં જઈને, નિર્મળતા ઘણી થઈ. જો કે

થઈ તો પોતાને કારણે, સમજાણું ? પણ મહાવિદેહમાં ગયા હતા. એ પણ એની યોગ્યતાથી ગયા 'તાને, આહાહા ! એ ત્યાંથી પોતાને જે અંતર પ્રાપ્ત થયું, પોતાથી, ત્યાંથી પણ તેનાથી નહિં પણ પોતાથી પ્રાપ્ત થયું. આહાહા ! એનાથી આ વાત કરી રહ્યા છે. આહાહાહા !

કહે છે મોટું મોહરૂપી ભૂત જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે. બળદને જેમ ઘોંસરા નાખી ૨૫–૨૫ મણ ૫૦ મણ વહેવડાવે, એમ આ કલેશ, રાગની મંદતાનો કલેશ, ક્રિયા, મહાવ્રતની ને સમિતિ, ગુપ્તિની ને બ્રહ્મચર્યની ને એ શુભભાવ છે એ ભાર છે, કલેશ છે. પણ અજ્ઞાની એને મિથ્યાત્વને લઈને એ ભાર કરવો પડે એમ ( માનીને ) ભારને વહે છે. આવું કામ છે. એકાંત કહે લોકો બિચારા, નયનો વિષય જ એકાંત છે. સમ્યક્ એકાંત નયનો વિષય જ એ છે. એને ઠેકાણે અનેકાંત આમ થાય, વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય. નિમિત્તથી પણ થાય અને ઉપાદાનથી ( પણ ) થાય. આહાહા ! એવું મિથ્યાત્વરૂપી ભૂતડે એવા કામ કરી કરીને બળદની જેમ મજૂરી કરે છે ઈ. આહાહા ! છે કે નહિં અંદર ? ( ઉપયોગ તો આખો ' દિ આત્મામાં રહે નહિં– પછી બહાર આવે ) અહીં એ ક્યાં પ્રશ્ન છે ? બહાર આવે પણ એનાથી લાભ નથી, એ મારા ધર્મમાં કારણ નથી, એવી જો દૃષ્ટિ હોય તો એને મિથ્યાત્વનું ભૂતડું નથી. બહાર આવીને આ કર્તવ્ય કરીએ છીએ, તેથી ધર્મની પુષ્ટિ થશે, ધર્મની વૃદ્ધિ થશે, ધર્મમાં સહાયક થશે, એમ તો કહ્યું છે ને અગિયારમી ગાથામાં કે નિમિત્ત દેખીને, સહાયક હસ્તાવલંબ દેખીને જિનાગમમાં પણ કથન ઘણું કર્યું છે, પણ એનું ફળ સંસાર છે. આહાહા ! આવી વાત છે, વાદ વિવાદે એ બેસે એવું નથી બાપુ, દુનિયા જોઈ છે ને આખી. આહાહા !

આ માર્ગ જ વીતરાગનો, આહાહા ! જેને વ્યવહારની પણ અપેક્ષા નથી એવું જે સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્ર, સ્વને આશ્રયે થાય, પરનો આશ્રય એને હોય જ નહિં. એને ઠેકાણે મિથ્યાત્વ ભૂતડે, એ વ્યવહાર કરતાં નિશ્ચય પમાશે અને નિશ્ચયને પહોંચી વળાશે. આહાહા ! મિથ્યાત્વરૂપી ભૂતડે બળદની જેમ ભાર વહેવડાવ્યો છે. ભાર છે બધો બોજો છે. આહાહા ! એ રાગની ક્રિયા વિકલ્પની ક્રિયા છે એ કરવા લાયક છે અને એનાથી લાભ છે. એ બળદની જેમ ભાર વહેવડાવે છે. આહાહા ! ' એયત્તસ્સુવલંભો ' એની વ્યાખ્યા છે આ. છે ને ( ગાથાનું ) ત્રીજુ પદ, એયત્તસ્સુવલંભો, એકત્વની પ્રાપ્તિ આ રીતે નથી. આવા કારણે એને એકત્વની પ્રાપ્તિ નથી. આહાહા ! એ બેકલાની પ્રાપ્તિ છે. આહાહા ! આહાહા !

બળદની જેમ ભાર વહેવડાવે છે. આહાહા ! પચીસ, પચીસ અપવાસ, પચાસ, પચાસ અપવાસ, ચોવિયારા, પાણી વિનાના નિર્જરા થાય. નિર્જળે અપવાસ કરીએ તો નિર્જરા વધારે થાય. આહાહા ! એમ મિથ્યાત્વરૂપી ભૂતડે એ રાગની ક્રિયાને બળદની જેમ કરી છે એણે. આહાહા ! આવી વાતો સાંભળવી મુશ્કેલ પડે. આહાહા ! એ તો કીધું, એના સાટું તો વાત ચાલે છે આ.

પછી જ્યારે આ મિથ્યાત્વરૂપી ભૂતડે, એને રાગમાં જોડી દીધો છે. રાગથી કાંઈક લાભ થાય એ માટે રાગના ક્રિયાકાંડ કલેશ છે. ચાહે તો પંચ મહાવ્રત હો, બાર વ્રત હો, પણ રાગ છે કલેશ છે. કલેશનો બોજો કરવો પડે એમ મિથ્યાત્વે બળદની જેમ એને જોડી દીધો છે. આહાહા ! આકરું પડે કામ.

" જોરથી ફાટી નીકળેલા તૃષ્ણા " અને જ્યારે એ મિથ્યાત્વનું જોર થયું, એમાંથી તૃષ્ણા ફાટી. આહાહા ! " જોરથી ફાટી નીકળેલી તૃષ્ણા એનો રોગ " કંઈક કરવું- કાંઈક કરવું- કાંઈક કરવું રાગ કરવો, કાંઈક કરવું પરનું કાંઈક ભલું કરવું તો આપણને કંઈક લાભ થાય, એવી તૃષ્ણારૂપી રોગ જેને ફાટી નીકળ્યો છે. આહાહા ! એ સાધુ બને નગ્ન દિગંબર પણ અંદરમાં મિથ્યાત્વ છે. એથી રાગથી લાભ માનીને બળદની જેમ જોડાઈ ગયા છે. આહાહા ! અને તૃષ્ણારૂપી રોગ અંદર ફાટયો છે, આ કરું, આ કરું, આ કરું તૃષ્ણા-તૃષા છે ને ? તૃષ્ણારૂપી રોગ, એનો દાહ છે અંદર. આહાહા ! એ શુભરાગ પણ દાહ છે. " રાગ આગ દાહ દહે સદા, તાતેં સમામૃત સેઈએ " આહાહા ! ચાહે તો એ શુભરાગ હો, પણ કહે છે કે એ તૃષ્ણારૂપી રોગે દાહ ઉત્પન્ન કર્યો છે. આહાહા !

જેના દાહથી અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે. આહાહા ! એ શુભરાગ પણ દાહ ને પીડા છે, પણ મિથ્યાત્વના ભૂતડે એના તૃષ્ણા ને લોભને કારણે, આહાહા ! આ મને ઠીક છે, આ મને ઠીક છે, મેં ઠીક કર્યું એવા દાહથી બળી ગયેલા છે. આહાહા ! ઝીણી વાતું બહુ બાપુ ! વીતરાગ માર્ગની. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એ અંદર સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ ( નિજાત્મા ) એમાં સમાડવા માગે છે. આહાહા ! સર્વજ્ઞ થયેલા પ્રભુ, સર્વજ્ઞ સ્વભાવીમાં જવા તેમાં ઠરવું, પ્રતીતિથી જવું અને સ્વરૂપથી ઠરવું. આહાહા !

એવું કરાવા માગે છે એને ન સમજતાં, તૃષ્ણારૂપી રોગ જેને વળગ્યો, આ કરું, આ કરું આ કરું, આ કરું.... આહાહા ! પંડિતાઈ કરું ને વિદ્વત્તા કરું, ને હું ઘણું ભણું ને જગતને ઘણાંને સમજાવું તો મને લાભ થાય. દુનિયાને કાંઈક લાભ થાય તો મને પણ કંઈક મળે કે નહીં એનો ભાગ, નહિં દેવીલાલજી ? આહાહા ! હજારો માણસને ઉપદેશ દે એમાંથી કાંઈક લાભ થાય કે નહિં એને ? એનો ભાગ કંઈક આવે કે નહિં થોડો ? આહાહા ! પણ તૃષ્ણારૂપી દાહે એને ત્યાં સળગાવી દીધો છે અને લાભ થશે આપણને બીજાને, બીજા ઘણાં લાખો માણસ સમજે તો થોડા દસ આની બાર આની, થોડોક સોળમો ભાગ પણ કંઈક આવે કે નહિં ? આહાહા ! ધૂળેય મળે નહિં એકેય ટકો. અહીં તો. અરે બાપુ મારગ જુદા, ભાઈ !

અહીં તો અંતર સ્વરૂપમાં, આહાહા ! અંતર સ્વભાવમાં જાવું છે ત્યાં બહારના કારણોથી, કેમ મદદથી જવાય ભાઈ ? આહાહા ! બહારના કારણોનો તો આશ્રય છોડી દે, તેનું લક્ષ છોડી દે, તેની રુચિ છોડી દે, તો અંતરમાં જાય તો એને અંતરને આશ્રયે લાભ થાય, પણ આ બહારના ક્રિયાકાંડ ખૂબ કરે, અપવાસ કરે, બ્રહ્મચર્ય જાવ્વ જીવ પાળે, છ કાયની હિંસા ન કરે, કંદમૂળ ન ખાય, જાવ્વ જીવના ચોવિયાર કરે, આહાર ન ખાય, બાપુ ! એ તો બધી રાગની ક્રિયા છે ભાઈ. આહાહા ! પણ તૃષ્ણારૂપી દાહે એને બાળી મૂક્યો છે ત્યાં. છે ? તૃષ્ણારૂપી રોગના દાહથી અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે. આહાહા ! ભલે બીજાને ઉપદેશ દઉં અને એનાથી લાભ થાય એવો શુભભાવ એ પણ દાહ છે, અગ્નિ છે. આહાહાહા !

રોગના દાહથી જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ એમ કીધું, શરીરમાં ભલે રોગ ન હોય એમ કે, શરીર નિરોગી હોય, આહા ! પંચમહાવ્રત બરોબર પાળતો હોય, આહાહાહા ! પણ અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે. એ શુભરાગને જ ધર્મ માનનારા અને શુભ રાગ કરતાં કરતાં

સમ્યગ્દર્શન નિશ્ચય થશે, એ અંતરંગમાં દુઃખી છે, એ અંતરંગમાં પીડા વેદે છે. આહાહા ! આવું આકરું પડે માણસને પણ અહીં તો ચોખ્ખી વાત છે સત્યનું ઉદ્‌ઘાટન છે. સત્ય આ છે એ સિવાય બધું અસત્ય છે. અરે ! પ્રભુનો માર્ગ તો વીતરાગથી શરૂ થાય કે રાગથી શરૂ થાય ? એ વીતરાગ માર્ગ જ નહિં. આહાહા ! અહીં તો રાગથી શરૂ કરાવીને વીતરાગતામાં લઈ જવો છે. આહાહા !! ( જે અશકય છે. )

તૃષ્ણારૂપી રોગ એનો દાહ– જોયું ? એ શુભરાગની તૃષ્ણા છે એ પણ દાહ છે, અગ્નિ છે, કષાય છે. આહાહાહા ! અરે, લોકો જેને ધર્મ માનીને બેઠા એને અહીં કહે છે કે એ તો તૃષ્ણા રોગનો દાહ છે, પીડા છે. આહાહા ! અને આ વાત હવે ક્યાં ગુપ્ત રાખી છે ? બહાર પડી ગઈ છે બધેય ઘણી. અહીંથી ૨૦ લાખ પુસ્તક બહાર પડી ગયા છે, બધામાં આ વાત છે. હેં ! આહાહા ! ભાઈ ! તું તારા ઘરમાંથી નીકળીને બહારમાં ભમે છે ! શુભાશુભ ભાવમાં એ દાહ છે પ્રભુ. આહાહા ! આવો મારગ આકરો લાગે લોકોને હોં, હેં ? એટલે એમ જ કહે એકાંત છે એકાંતીઓ છે, કહો પ્રભુ, આહાહા !

( એમ લાગે છે વ્યવહારનો લોપ થઈ ગયો ) વ્યવહારનો લોપ ! એની રુચિ છોડયા વિના સ્વભાવની રુચિ થઈ શકે નહિં. ઘણાને એમ થાય નાના નાના છોકરાંઓ પણ આવા ભગવાનના દર્શન કરે, આવું કરે આવું કરે એને તમે કહો આનાથી લાભ નથી તો, નહિં કરે એ, ભાઈ ! કરે ન કરે એનો પ્રશ્ન ક્યાં છે. આહાહા ! બધાય કરે છે, એ કરવા ટાણે રાગ હો. આહાહા ! પણ જાય ન જાય એની સાથે સંબંધ શું છે ? શુભ ભાવ છે એ પોતે જ દાહ છે. એને કરતાં કરતાં સમકિતની શાંતિ મળશે ? આહાહા ! રોગથી નિરોગતા થવાશે ? દાહથી શાંતિ મળશે ? આહાહા ! બહુ ટૂંકામાં ટીકા, આવી ટીકા તો, આહાહા ! ભરતક્ષેત્રમાં સમયસારની આ ટીકા દિગંબરમાં આવી ટીકા, બીજા શાસ્ત્રોમાં આવી ટીકા નથી. એવી આ કોઈ ટીકા અદ્‌ભૂત, આહાહા ! જેનાં થોડા શબ્દોમાં ભાવની ગંભીરતા અગાધ ગંભીર અગાધ ગંભીર. આહાહા !

પ્રભુ તારી પ્રભુતા પ્રાપ્ત કરવા માટે પામર એવા રાગની જરૂર નથી નાથ, આહાહા ! પ્રભુ તને એ કલંક છે. આહાહા ! હોય એ જુદી વાત છે. હોય છે એ પૃથક તરીકે જ્ઞાન એને જાણે, ભલે એમેય જાણે મારી પર્યાયમાં થાય છે, પણ છે દુઃખ ને રાગ, ભલે હું એનો કર્તા છું પરિણમનની અપેક્ષાએ, છતાં છે તો રાગ ને રોગ ને દાહ. આહાહા ! કેટલું સમાડયું છે જુઓ ને. ઓહોહોહો !

એકછત્ર ચાલે છે મિથ્યાત્વનું છત્ર અત્યારે, જ્યાં પૂછો ત્યાં મિથ્યાત્વનું જોર જ છે બધેય, આહાહાહા ! બાળકથી માંડીને ત્યાગી મોટો મહાત્મા લાખ્ખો, કરોડો વર્ષ સુધી પાંચમહાવ્રત પાળતો હોય, એની પાસે પણ મિથ્યાત્વનું રાજ પડયું છે. ( બાદશાહી શાસન ) હેં ? ( બાદશાહી શાસન ) હેં ? બાદશાહી શાસન. આહાહા ! આવી વાત ક્યાં છે ભાઈ ? આહા ! અહીં તો તારા અનંતા જનમ મરણના ફેરા જે અનંતા કર્યા, એ આ ભાવે કર્યા મિથ્યાત્વભાવે. આહાહા ! હવે એને છોડાવવા માટે આ કહે છે. રાખ્યું છે તેં અને માનીને રખડયો છો ! હવે એને છોડાવે છે. બાપુ ! હવે પરિભ્રમણથી છૂટ નાથ. આહાહા ! ઢોરને પણ ખીલે બાંધે તો રાજી થાય છે. ( અહીં છોડે તો રાજી થાય ) છોડે તો રાજી થાય. અમથા આમ બાંધે, સાંજના બાંધે ને સવારે છોડે ત્યારે ખુશ થાય. આહાહા ! અહીં તો કહે છે રાગના ભૂતડાથી તને પીડા છે પ્રભુ, તું એનાથી

સમકિત થશે ? સ્વનો આશ્રય મળશે, પરના આશ્રયથી સ્વનો આશ્રય મળશે ? એ રાગના દાહથી અંતરંગમાં પીડા છે પ્રભુ. આહાહા !

એ દાહ વિનાની ચીજ પ્રભુ અંદર છે, ત્યાં તારી નજર જાતી નથી ને અહીંયા નજરમાંથી ખસતો નથી. આહાહા ! ત્યાં નિધાન પડયું છે અંદર, એકલો શાંત રસનો કંદ છે, જેમાં દયા દાનના વિકલ્પની ઉત્પત્તિનું પણ જ્યાં સ્થાન નથી, આહાહા ! એવું ધ્રુવ ધામ, ધ્રુવનું સ્થાન વિશ્રામ સ્થાન પડયું છે ને નાથ, આહાહા ! ત્યાં જવા માટે આ વાતું કરે છે. આ વાત તિરસ્કાર કરવા માટે નથી. આહાહા ! ભાઈ, તું આ રીતે અનંત કાળથી દુઃખી છો, કેમ ? તને મિથ્યાત્વરૂપી ભૂતડું વળગ્યું છે. એ તને તૃષ્ણાનો દાહ ફાટી, અને આ કરું, આ કરું, આ કરું ( કર્તાભાવ ) એમાં તને જોડી દે છે. આહાહાહા !

કનુભાઈ ! આવું છે આ, જજમાં આવ્યું છે આવું કાંઈ ? આ તો વીતરાગી જજ છે. સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવ વીતરાગ સ્વરૂપે પ્રભુ ! એની આજ્ઞા બહાર રાગથી લાભ માને એ જૈન નથી. આહા ! તું જૈનનો દાસ નથી, તું રાગનો દાસ છો. આહાહા ! ( શ્રોતાઃ અંતરમાં જવા માટે સૂક્ષ્મ વિકલ્પ રોકી દે છે જાવા નથી દેતો ) વિકલ્પનીયે જરૂર નથી ત્યાં વિકલ્પેય કામ કરતું નથી. વિકલ્પ એ આકૂળતા છે. મિથ્યાત્વે તેને વિકલ્પમાં રોકી રાખ્યો છે. ત્યાંથી ખસતો નથી. આહાહા !

જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે. આહાહા ! આ તો એમ માને છે કે અમે સુખી છીએ, અને અમને મજા છે. એ તો હજી અશુભ ભાવ, વેપાર, ધંધા, ભોગ વિષય, ખાવા પીવાની સગવડતામાં, રાજીપા માને છે, એ તો તીવ્ર પાપના પરિણામ– દાહ એમાં બળી ગયો છે ને એમાં પોતે ઠીક માને છે. આહાહા ! શરીરનો અંગ બળે છે એને ઠીક માને છે. આહાહા ! એમ ભગવાન આત્માનો શાંતિ સંતોષ વીતરાગ સ્વભાવ અશુભ રાગનાં પ્રેમમાં બળી જાય છે તારું અંગ બળે છે પ્રભુ, પર્યાયહોં, દ્રવ્ય તો છે ઈ છે. આહાહા !

આ સમકિતના આઠ અંગ કહ્યાં છે ને ? નિઃશંક ને આદિ એ કાંઈ ભેદરૂપ નથી. એ આઠેય થઈને એકરૂપ સમકિત છે, ભેદ છે એ ત્યાં લાભ કરતો નથી, એ એમ નથી એમ કહે છે. આહાહા ! નિઃશંક, નિઃકાંક્ષ આદિ એ આઠ અંગો કહ્યાં સમકિતના, એટલે કે સમકિતનો એક ભાગ પડયો ઈ ? એ બધા ભાગો થઈને એકલું સમકિત છે, એકલી વસ્તુ છે ઈ તો. ભાગ જુદા જુદા છે એમ નથી. આહાહાહા ! આહાહા ! એના આઠ ભાગ પણ જેમાં નથી, એ આખી વસ્તુ જે છે સમ્યગ્દર્શન એ શાંતિનું કારણ અને સ્વઆશ્રયનું કારણ છે. આહાહા ! બાકી જેટલું બહારમાં, આહાહા ! બહારની ચીજોનાં ભપકા અને આમ દેખાવમાંથી દેખાતા એમાં જેટલો જા છો પ્રભુ એટલી પીડા છે તને. આહાહા ! એ તો ઠીક, પણ શુભભાવમાં જા છો એ પણ પીડા છે કહે છે. આહાહા ! ભાઈ, રાગ છે એ દુઃખ છે, એ અંતરંગ રોગની પીડા છે. આહાહા ! શરીરમાં રોગ હોય ન હોય એનું ભલે કાંઈનથી. પણ અંતરમાં આ રોગ છે મોટો. આહાહા ! એ રોગને નાશ કરવાનો ઉપાય સ્વનો આશ્રય લેવો. આવી વાત છે.

બાર અંગનું કહ્યું નથી કળશ ટીકામાં ? બાર અંગમાં અનુભૂતિનું કહ્યું છે. આહાહાહા ! ગમે તેટલી વાતો કરી, બાર અંગમાં ચરણાનુયોગ અને કરણાનુયોગ ને કથાનુયોગ ને પણ વાત

ઈ છે કે, સ્વના આશ્રયમાં જા, પરનો આશ્રય છોડી દે. આહાહા ! છોડી દે એ પણ નાસ્તિથી છે. સ્વના આશ્રયમાં જા ત્યાં પરનો આશ્રય છૂટી જાય છે. આહાહા ! આમાં સમજવું શું પણ. આહાહા ! આવી ઝીણી ઝીણી વાતું હવે અહીંયા આખો દિ ' સંસારના કામમાં પડયા હોઈએ એને બીજો કોઈ રસ્તો હળવો હળવો છે કે નહિં ? આહાહા ! બાપુ, હળવો તું છો અને શુભાશુભભાવ એ તો ભાર બોજો કલેશ છે, પીડા છે. આહાહાહા ! આહાહા !

" આકળો બની બનીને મૃગજળ જેવા " આહાહા ! મિથ્યાત્વના જોરે ફાટી ગયેલી તૃષ્ણા એનાથી ફાટી તૃષ્ણા એમાં અંતરંગ પીડા થઈ. આહાહા ! આકળો બની બનીને મૃગજળ જેવા વિષય, એટલે અતીન્દ્રિય વિષય પોતાનો છે એને છોડી દઈ, આહાહાહા ! શું આચાર્યની શૈલી ! અમને સાંભળવા અને વીતરાગની વાણી સાંભળવી, આહાહા ! એ મૃગજળ જેવો વિષયનો ગ્રામ છે, સમૂહ છે. આહાહા ! છ ઘડી ભગવાનની વાણી આમ નીકળે સવારમાં સાંભળે છે, ત્યાં તો બંધ થઈ જાય છ ઘડીએ. આહાહા ! સાંભળવાની તૃષ્ણા જે છે એ તો એમને એમ ઊભી રહી. આહાહા ! આકરું કામ છે. આકળો બની બનીને મૃગજળ જેવા વિષય ( એટલે ) એ નિમિત્તોનો સંયોગ તો મૃગજળ જેવો છે. આહાહા ! એ પાંચ ઇન્દ્રિયોના વિષયો સાંભળવું, જોવું, રસ લેવો, ગંધ સ્પર્શ આહાહા ! આહાહાહા !

જુઓને કાલે વાત નહોતી થઈ. લગનમાં છોકરાને હાર્ટફેઈલ, હાર્ટ બેસી ગયું. આહાહા ! લગ્ન, પતિ પત્નિ બે બેઠા, મંત્રો જપે બ્રાહ્મણ કે જે હોય તે, વાણિયા– જૈન જપતા જપતા જપે છે હજી તો, ત્યાં ઊડી ગયો, હાર્ટ બેસી ગયું. વરરાજાનું હાર્ટ બેસી ગયું એવું લખ્યું છે. " લગ્નના મંડપ નીચે વરરાજાનું હાર્ટ બેસી ગયું " આહાહા ! એમ લખ્યું છે અંદર હોં મોટા અક્ષરે. આહાહા ! કેટલી હોંશ હશે ? આહાહા ! ભોગની તૃષ્ણા, સ્ત્રી મેળવવાની ભાવના, લોભ અને ઘણી સામગ્રીમાં હવે આપણે લ્હાવા લઈશું. આહાહા !

એવા મૃગજળ જેવા વિષયગ્રામ એ તો સ્થૂળ વિષય કીધો. પણ પાંચેય ઇન્દ્રિયોનો જે વિષય છે, સાંભળવું, ભગવાનને જોવા એ બધો વિષય છે. ( ભગવાન પોતે ઇન્દ્રિયનો વિષય છે ) ઇન્દ્રિય છે ને ઇન્દ્રિય. તે વિષય છે. તે ઇન્દ્રિયનો વિષય છે. આહાહા ! મૃગજળ જેવા, આહાહા ! એ મંદિર આમ કરોડો રૂપીયાનું મંદિર આમ જળહળ જળહળ જ્યોતિ હોય એમાં વીજળી લાગે, ક્ષણભંગૂર નાશ થઈ જાય, ' પરમાત્મ પ્રકાશમાં ' કહ્યું છે, એ બધા તીર્થસ્થળો મંદિરો એ બધા કાળ અગ્નિના ઇંધણા છે. કાળરૂપી અગ્નિના લાકડા છે ઈ. આહાહા ! બાપુ, એ ચીજ કેમ રહેશે ને ક્યાં રહેશે જુઓ. આહાહા !

એક ક્ષણમાં બળી ગયું નહિં ? ઘાટકોપર. લાખ સવા લાખનો પંડાલ, વ્યાખ્યાન ચાલતું 'તું પાંચ પાંચ છ છ હજાર માણસો, જુઓ બરાબર આવ્યું, અર્ધો કલાક વાર લાગી. ( વ્યાખ્યાન ) ત્રણ વાગે શરૂ કરવાનું અઢી વાગ્યે આગ લાગી ખલાસ આખો પંડાલ ઘાટકોપર હડ હડ હડ હડ અગ્નિ લાગી આહાહા ! ત્રણ દિ ' બંધ રાખવું પડયું, ત્રણ દિ ' પછી બીજે સર્વોદયમાં. આહાહા ! નાશવાન ચીજમાં ટકવું તું દેખીશ તો શી રીતે ટકશે ? ક્યારે એ પલટીને રાખ થશે. આહાહા ! શરીરનો પલટો થઈને ક્યારે એ રાખ થાશે શરીરની, મડદું ક્યારે. આહાહા ! ( મૃતક કલેવર ) મૃતક કલેવરમાં અમૃત સાગર મૂર્છાણો. આહાહા ! એવી બહારની તૃષ્ણાના મૃગજળ

જેવા, આહાહા ! વિષયગ્રામ, ગ્રામ સમજે ને ? ગ્રામ એટલે વિષયનો સમૂહ, પાંચેયનો સમૂહ-રૂપ રસ ગંધ સ્પર્શ ( શબ્દ ).

બીજે એક વાર એમ સાંભળ્યું 'તું પતિ-પત્નિ લગ્ન કરવા બેઠા 'તા ત્યાં નીચેથી સર્પ આવ્યો, કરડયો ને મરી ગયો ન્યાં ને ન્યાં, વર મરી ગયો ત્યાં, નાશવાન આ તો ક્યાં વસ્તુ છે બાપુ તે ટકે. એ તો ઠીક પણ અહીં તો શુભભાવને પણ નાશવાન ગણીને, આહાહા ! છે ? વિષયગ્રામમાં ઘેરો ઘાલ્યો છે. શું કહે છે ઇ ? ઘડીકમાં શબ્દ ને ઘડીકમાં રૂપ ને ઘડીકમાં રંગ ને ઘડીકમાં સ્પર્શ ને ઘેરો ઘાલ્યો છે એમાં. આહાહા ! સ્વરૂપને અંતરમાં જોવાનું છોડી દઈને પાંચેય ઇન્દ્રિયના વિષયમાં ઘેરો ઘાલ્યો છે, એક પછી એક, એક પછી એક, જોડીને ઘેરો જ ઘાલ્યો છે. આહાહા !

શું સમજાવે છે પ્રભુ, આહાહા ! થોડી ભાષામાં કેટલું ભર્યું છે. આહાહા ! મૃગજળ જેવા વિષયગ્રામ, ગ્રામ એટલે સમૂહ, છે નેઅંદર ? ઇન્દ્રિય વિષયનો સમૂહ, શાસ્ત્રમાં પણ જોવું એ પણ વિષય છે કહે છે. આહાહા ! એ વિષયમાં ઘેરો ઘાલે છે. પ્રભુ આત્મા મિથ્યાત્વના કારણે જોરે તૃષ્ણા ફાટી છે તેથી વિષયગ્રામમાં, બહારના વિષયગ્રામમાં ઘેરો ઘાલે છે. આહાહા ! એક પછી એક, એક પછી એક, પકડે જ છે. જેમ રૂની પૂણી એક પૂરી થાય ત્યાં બીજી, બીજી પૂરી થાય ત્યાં ત્રીજી એમ એક લક્ષમાંથી છૂટે ત્યાં બીજે ને ત્રીજે. આહાહા ! પાંચેય ઇન્દ્રિયના વિષયમાં ઘેરો ઘાલ્યો છે એણે. ભગવાન ઉપર જાતો નથી જ્યાં પ્રભુ ( જ્ઞાયકદેવ ) બિરાજે છે. આહાહા !

અને પરસ્પર આચાર્યપણું પણ કરે છે. આહાહા ! જોયું ? એક બીજા જે સમજાવે છે એને અને ઓલો હા 'ય પાડે છે. આહાહા ! શુભ ભાવ કરીએ, ભગવાનની ભક્તિ કરીએ, ભગવાનનું સ્મરણ કરીએ, તો શરીરના પાંચ ઇન્દ્રિયના વિષયો છોડીએ, તો આત્માને લાભ થાય. ઓલા કહે હા. એમ પરસ્પર આચાર્યપણું પણ મિથ્યાત્વનું કરે છે. આહાહા ! અને એ વાત લાગેય સારી સામા સાંભળનારને, આ તો શું કહે છે. આહાહા ! ! પરસ્પર આચાર્યપણું, છે ? એ શુભ ભાવ પાંચ ઇન્દ્રિય તરફ ઢળવું એ જ બરાબર છે. પછી એકદમ આત્મામાં જવાતું હશે ? આત્માનો નિર્વિકલ્પનો અનુભવ એમ થતો હશે ? પહેલા બહારથી જરી વ્યવહારમાં આવે, પછી એને વિશ્રામ મળે, તો અંદર ઠરે.

રજનીશ છે ને રજનીશ એ એમ કહે છે ને, ખૂબ પહેલાં દાંત કાઢો, ખૂબ દાંત કાઢો, દાંત કાઢો પછી નિર્વિકલ્પ થઈ જશે. આહાહા ! મારી નાખ્યા જગતને, રજનીશ છે ને રજનીશ, ( શીખવે ) બહુ રોઓ ખૂબ રોવું પહેલા એકવાર ખૂબ રોવું, રોઈને પછી બંધ થઈ જાઓ નિર્વિકલ્પ થઈ જવાશે. કાળા કેર કરી નાંખ્યા છે. અને એને સાંભળનારાય સો સો રૂપીઆ દઈને સાંભળે, એવાય માણસો છે અત્યારે, આહાહા ! પ્રોફેસર હતો ને પહેલા જૈનનો, જૈનમાં હતો, તારણસ્વામીમાં આહાહા ! ફોટામાં આવ્યું છે આમ એક જણને કાંઈક આમ દાબતો 'તો. કંઈક દાબે એટલે અંદરમાં કાંઈક થઈ જાય, આહાહા ! થઈ જતું હશે ? ધૂળેય નથી ભ્રમણા છે. કારણ કે ઓલી વિશેષતા કરીને કાંઈક દાબીને દાબીને, આહાહા ! મોઢું ફાટી ગયું 'તું ઓલાનું, એમ છાપામાં આવ્યું છે. એને પછી અંદર નિર્વિકલ્પતા થઈ જાય એમ કે. આહાહા ! ( શ્રોતાઃ માનસિક સ્થિરતા થઈ જાય એટલે નિર્વિકલ્પતા માને ) અરે ! એનાથી થાય ? એ તો દુઃખરૂપ છે. ખૂબ રોઈ લો પછી વિકલ્પ તૂટી જશે અને નિર્વિકલ્પ થઈ જશે ! ખૂબ વિકલ્પ કરો પછી

નિર્વિકલ્પ થઈ જવાશે !! આહાહા ! આ તો ઝાઝા વિકલ્પ કરો જે જાતનો વિકલ્પ આવ્યો એને તોડી નાખે, જોડી દો એ કામમાં. આહાહા ! ભોગાનંદમાં પણ બ્રહ્માનંદ છે. ભોગમાં પણ સુખ લાગે છે ને ? ઈ આનંદ આત્માનો છે. અરે ! પ્રભુ તું શું કહે છે આ ? અરે ! એને સાંભળનારાય મળે એને માનનારાય મળે. હેં ? આહાહા !

અહીં તો સંપ્રદાયમાં રહીને પણ પરસ્પર આચાર્યપણું પણ કરે છે. અર્થાત્ બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે છે કરો આમ, મંદિર બંધાવો. ઝગમગાટ કરો, તમારું એમાંથી કલ્યાણ થશે. અરે પ્રભુ, આહાહા ! એ તો એક બીજાનું મિથ્યાત્વનું પોષણ કરે છે. આહાહા ! પરસ્પર એકબીજા માંહોમાંહે ઓલો પ્રરૂપે, ઓલો હા પાડે છે. ઓલો હા કરે, ઓલો કહે બરોબર આ વાત તમને બેઠી બહુ સારી, પ્રમાણ વચન કહે. આહાહા ! પરસ્પર આચાર્યપણું પણ કરે છે. આચાર્યપણું એટલે મોટપ બતાવે છે એમ અમે બરાબર કહીએ છીએ, અમે બરોબર કહીએ છીએ, શાસ્ત્રમાં એમ આવે છે. આહાહા ! ઓલું હમણાં આવ્યું છે ને ? વિદ્વદ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે. તો એ વખતે પણ મોટા પંડિતો નિશ્ચય છોડીને વ્યવહારમાં વર્તતા હતા. કુંદકુંદાચાર્યના વખતમાં. આહાહા !

વિદ્વદ્જનો ભૂતાર્થ તજી, અરે વિદ્વાનો તમે ભણી ભણીને શું ભણ્યા ? અંતર જે વસ્તુ છે ત્યાં જવું જોઈએ એ આશ્રય છોડીને વ્યવહારમાં વર્તન કરે પણ એ તો સંસારમાં રખડવાનું છે. આહાહાહા ! ભણેલાઓ પણ આવું કાઢે વ્યવહાર, એમ કહે છે, ને વ્યવહારનું વર્તન કરવું. આહાહા ! " પરસ્પર આચાર્યપણું પણ કરે છે, એક બીજા અંગીકાર કરાવે છે, " આ કારણે એમ.

કામ ભોગની કથા તો સૌને સુલભ છે એમ. આહાહા! છે ને પહેલા પદની **सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा** એનો અર્થ કર્યો. આહાહા !

આ રીતે જગતને એવી વાતો તો સુલભ છે બાપુ ! જ્યાં હોય ત્યાં સાધુ નામ ધરાવે, આચાર્ય નામ ધરાવે, ત્યાગી નામ ધરાવે, બ્રહ્મચારી નામ ધરાવે બધે ઉપદેશ આવો ચાલે અને ઓલા હા પાડે કે હા... હા બરોબર છે આ. ઓલ્યા વાતું કરે અંદરમાં કાંઈક જા... અંદર શું છે અને ક્યાં જાવું, એના કરતાં આ કરીએ એની સૂઝ પડે છે ને. આવે છે ને પરમાર્થ વચનિકામાં આગમનો વહેવાર સૂઝ પડે છે. અધ્યાત્મનો વહેવાર સમજાતો નથી, અધ્યાત્મનો વહેવાર ઈ કે અંદર આત્માનો આશ્રય લઈને સમ્યગ્દર્શન–જ્ઞાન–પ્રગટ કરવું એ ( અધ્યાત્મનો ) વ્યવહાર છે. આહાહા ! આ કારણે રાગનું કરવું ને રાગનું ભોગવવું એ કથા એટલે ભાવ તો સૌને સુલભ છે, એ તો સુલભ થઈ પડયો છે. આહાહા !

પણ બીજી વાત કરશે પછી હવે.

***